માર્ચ-૨૦૨૦

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE

# ઝરણું

અંક ૫

તંત્રીશ્રી
પ્રકાશ પરમાર

www.gujaratichristiannews.blogspot.com

સહતંત્રીશ્રી
શૈલેષ વાણીયા 'શૈલ'

## આંતરરાષ્ટ્રિય મહિલા દિન
## ૮મી માર્ચ, ૨૦૨૦



"જો તમારી દ્રષ્ટિ સુંદર હશે તો તમે દુનિયાને પ્રેમ કરશો,પરંતુ જો તમારી વાણી સારી હશે તો દુનિયા તમને પ્રેમ કરશે. એક સ્ત્રીનો પ્રેમ એના કાર્યોમાં દેખાય છે. તે તેના દિલથી જુએ છે અને આંખોથી મહેસુસ કરે છે. સ્ત્રી એક એવી બેંક છે જ્યાં તેના પરિવારના સભ્યો નિરાશાઓ, ગુસ્સો અને દુ:ખો જમા કરે છે. તે મજબૂતાઈથી પોતાના ઘરને તૂટવા દેતી નથી અને જીવનભર એક તાંતણે બાંધી રાખે છે."

– મધર ટેરેસા

વર્ષ ૨૦૨૦ અંક ૫

ગુજરાતી ક્રિશ્ચિયન E-MAGAZINE ઝરણું

તંત્રીશ્રી પ્રકાશ પરમાર

કવિતા, લેખ, શુભેચ્છા તથા શિક્ષણ જગતને લગતી માહિતી તા. ૧૫ સુધીમાં આપનો એક ફોટો તથા ફોન નંબર આપશો.

નોંધઃ મેગેઝિનમાં છપાતા લખાણ અને જાહેરાત માટે તંત્રી કે મેગેઝિન જવાબદાર રહેશે નહિ.

જાહેરાત આપવા માટે સંપર્ક કરો
zarnuemagazine@gmail.com
96245 70190, 97240 51472



ડિઝાઈન જેકસન પરમાર
મો. નં. 90334 44808

માર્ચ-૨૦૨૦

# અનુક્રમણિકા


⇒ અહમને ભૂલવો? - શૈલેષ વાણીયા 'શૈલ' (તંત્રીલેખ)

⇒ ખ્રિસ્તી સમાજનું ગૌરવ – શુભેચ્છક: નિલેષ રાઠોડ 'નીલ'

⇒ પાસવર્ડ – પ્રીતિ પરમાર 'પ્રીત'

⇒ કુટુંબ - ફાધર અરૂલ કઠલાલ

⇒ 'મા'ની મમતા – રમેશ ક્રિસ્ટી

⇒ નવા દિવસની સલામ – સંજય રોન્ઝા

⇒ જીવન પ્રેરક કથા – લક્ષ્મીબેન પરમાર

⇒ હૃદયની ઈચ્છાઓ – નિલમ રોય

⇒ સુખ મોટું છે કે આનંદ – ફ્રાન્સિસ દાયસા

⇒ પ્રાર્થના – ડૉ. કે.પી. રાજભારતી

⇒ પરમસુખી – સુરેન્દ્ર આસ્થાવાદી

⇒ આંતરિક સુખ – જોન ફિલિપ મેકવાન

⇒ અનુભવનું ભાથું – જોસેફ મેકવાન

⇒ મારો પત્ર – રસિક પરમાર

⇒ કાવ્ય વિભાગ












અધ્યક્ષશ્રી રેવ. ફા. અરૂલાનંદમ્

તંત્રીશ્રી પ્રકાશ પરમાર

સહતંત્રીશ્રી શૈલેષ વાણીયા 'શૈલ'

સંપાદકશ્રી નિલેષ રાઠોડ

પ્રકાશકશ્રી જોન બેડા પરમાર 'રમણ



# અહમને ભૂલવો?

શૈલેષ વાણીયા 'શૈલ'

માર્ચ-૨૦૨૦

ઘણા સમયના સર્વે પછી મારા મનમાં એક વાત ચોક્કસ પણે સાબિત થાય છે કે દુનિયામાં જો કોઈ સૌથી મોટો રોગ હોય તો તે અહમ આપ મારી સાથે સહમત છો વિચારો શું મારું કહેવું સાચું છે. સાચા જુઠ્ઠી વાત ન કરતા આગળ વધીએ અહમ તમારા મારા આપણામાં સર્વમાં રહેલો છે.

આ બાબતને દૂર કરવું સાવ સહેલું નથી પરંતુ અઘરું  પણ નથી કોઈ પણ રોગની દવા ચોક્કસ છે દવા નો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેનો આધાર આપણા ઉપર રહેલો છે. મનુષ્ય હોવાને કારણે અહમ એ સ્વભાવ નો એક ભાગ છે. રૂપ, રંગ, પૈસા  બુદ્ધિ ઈશ્વરે આપેલા વરદાનો અભિમાન માં રૂપાંતરિત થાય છે. ત્યારે અહમ પેદા થાય છે.

તેના ઉપાયો અનેક છે. સુંદર સવારે ઝાડ પાન નો અવાજ આવતો નથી, પંખીઓનો કલરવ સંભળાતો નથી, જનજવર આવતું નથી, તેવી એક જગ્યાએ જઈ ધ્યાન ધરવાથી શરીરની ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવી શકાય છે, જીવનમાં નિઃ સ્તબ્ધ શાંતિ પ્રવર્તે છે ધ્યાનમાં બેસવાથી મન પૂર્ણ પણે મૌન વ્યાપી જાય છે. મોહમાયા છૂટી પરમાત્મામાં લીન થઈ જાય છે.

પોતાની પ્રતિમૂર્તિ રૂપ બનાવનાર ઈશ્વરે અજબ-ગજબની શક્તિઓ મનુષ્યમાં મૂકેલી છે. પ્રાર્થના આત્માનો ખોરાક છે પ્રાર્થના શરીર તથા મનને પ્રભુમાર્ગે દોરવા ની ચાવી છે. પ્રાર્થનામાં શરીર તથા મનને નિર્મળ બનાવે છે. પ્રાર્થનામાં અલૌકિક શક્તિ રહેલી છે. દેહરૂપી અહંકાર હણવા માટેનો ગુરુમંત્ર એટલે પ્રાર્થના માં કેન્સરને નાથવા ની શક્તિ રહેલી છે. તો અહમ શું ચીજ છે ? રામાયણમાં રાવણના પાત્ર ઉપર નજર નાખીએ તો રાવણ પોતે ઈશ્વર શક્તિ માટે ધ્યાનમાં બેસીને તેઓએ અમરત્વનું વરદાન પ્રાપ્ત કર્યું. ધ્યાન અને પ્રાર્થના એકજ સિક્કા ની બે બાજુ છે. જીવ ને શાંતિ મળે એ હેતુ થી આપેલ ખોરાક પ્રાર્થના નિયમિત આરોગીએ

ઈતની શક્તિ હમે દેના દાતા.
મનકા વિશ્ર્વાસ કમજોર હોના.
હમ ચલેને નક સસ્તે પે હમશે
ભૂલ કરભી કોઈ ભૂલ હોના...

ધ્યાન અને પ્રાર્થના અહમને છોડવા માટે નો સાચો માર્ગ છે તો આવો ધ્યાન ધરીએ નિયમિત પોત પોતાના ઇષ્ટદેવને પ્રાર્થના કરીએ. મારામાં રહેલો અહંકાર અહમ ને દૂર કરો ...





## હાર્દિક અભિનંદન......


### અનમોલ શુભેચ્છા.......સહતંત્રી શ્રી શૈલેષ વાણીયા

૦૭/૦૨/૨૦૨૦ શુક્રવારના રોજ નડિયાદ લાયન્સ હોલ ખાતે અસ્મિતા અભિવાદન સંસ્થા દ્વારા શ્રી જયેશભાઈ પટેલ એન.આર.આઇ.ના વરદ હસ્તે સાત ખ્રિસ્તી ભાઈબહેનોનું સન્માન (૧) શ્રી આનંદ ખ્રિસ્તી (૨) શ્રી બીપીન ક્રિશ્ચિયન (૩) શ્રી જયંતિભાઈ મેકવાન (૪) કુ. વંદના મેકવાન (૫) કુ. રીપલ ડાભી (૬) કુ. નિલી ક્રિશ્ચિયન

### સંસ્થાના શુભચિંતકો

શ્રી ગૌતમ બ્રહ્મભટ્ટ
શ્રી વિનોદભાઈ ભટ્ટ
શ્રી ડો. કે.પી. રાજભરતી
શ્રી અમૃતભાઈ એસ.પટેલ
શ્રી નરેન્દ્ર નકુમ
શ્રી મનુભાઇ રાઠોડ
શ્રી કાંતિભાઈ શર્મા

ઈન્દુલાલ યાજ્ઞિક સમિતિ. આદર્શ સેવા સમાજ નડિયાદ,રવિશંકર મહારાજ સ્મૃતિ સમિતિ આપ સર્વ કાર્યકર્તાઓ નો ઝરણું પરિવાર ના સંપાદક નિલેશ રાઠોડ સમગ્ર અસ્મિતા અભિવાદન સમિતિના કાર્યકર્તાઓનો સમાજના કર્મશીલોનું સન્માન બદલ હૃદયથી આભાર માને છે ...



-: અસ્મિતા અભિવાદન સમિતિ :-

સન્માન-પત્ર પુષ્પ

શ્રી શૈલેષ વાણિયા
તંત્રી-સાહિત્યકાર-યુવાઅગ્રણી

સમાજના ઉત્કર્ષ માટે આપે કરેલ કાર્યોની સૌરભ અને યોગદાન રૂપી ઉમદા સેવાઓની સુવાસ સાથે નૈતિક, બૌદ્ધિક,સામાજિક અને આધ્યાત્મિક વિચારધારાને જન-જન સુધી પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છો.ત્યારે આપની બહુમૂલ્ય સેવાઓને બિરદાવી આ અભિવાદન પત્રપુષ્પ અર્પણ કરતાં અમો સૌ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.આપના યશ, કિર્તી અને પ્રતિષ્ઠામાં સતત વૃદ્ધિ થાય અને આપ નીરોગી અને તંદુરસ્ત આરોગ્ય પ્રાપ્ત કરી ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો એવી પ્રભુ પાર્થના કરીએ છીએ.

-: આપના શુભચિંતકો :-

| | | |
|---|---|---|
| ગૌતમ બ્રહ્મભટ્ટ<br>સંયોજક<br>નશાબંધી ખેડા જિલ્લો | વિનોદભાઇ ભટ્ટ<br>પ્રમુખ<br>ખેડા જિલ્લા ગાયત્રી પરિવાર | ડો.કે.પી.રાજભારતી<br>પ્રમુખ<br>નડીઆદ શહેર તાલુકા પેન્શનર ફોરમ,નડીઆદ |
| અમૃતભાઇ એસ.પટેલ<br>પ્રમુખ | નરેન્દ્ર નકુમ<br>પ્રમુખ | મનુભાઇ રાઠોડ<br>પ્રમુખ |





# પાસવર્ડ

પ્રીતિ પરમાર 'પ્રીત'



આજકાલ જ્યાં નજર પડે ત્યાં કોઈ પણ વ્યક્તિ હોય તેઓના હાથમાં મોબાઈલ ફોન અચૂક જોવા મળશે સામાન્યમાં સામાન્ય શાકભાજીની લારીવાળા વ્યક્તિના હાથમાં પણ એન્ડ્રોઇડ ફોન જોવા મળે છે. મારા બાજુમાં 40 નંબરવાળા અમૃતબા રહે છે. તેઓની ઉંમર 81 વર્ષની હશે તેઓ નવરાશની પળોમાં બપોરે મારા ઘરે બેસવા માટે આવે બા એક જ વાત કરે જોને દીકરી હાથમાં ફોન આવે છે એટલે પોતાને કલેકટર માને છે કોઈની સાથે વાત કરતું નથી બસ ફોનમાં જ રચ્યાપચ્યા રહે છે.



બોલો બેન શું કરવું હજુ મને જુઓ મારી ઉંમર 81 વર્ષની છે છતાં મારી આંખો કેવું કામ કરે છે મેં જણાવ્યું બા તમે કશું જાણો છો મારી દિકરી ની ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ની અંદર ગઈકાલે શું બન્યું. આપણા પડોશમાં રહેતા નંદુબા ની દીકરી ને બાળકો ઉઠ આવનારી ટુકડી સ્કૂલ પર આવી હતી પરંતુ ઈશ્વરનો પાડ માનો કે દીકરીનો આબાદ બચાવ થયો.

ગોળ ગોળ વાત કર્યા વગર સીધી વાત કર ને શું હતું લો સાંભળો સીમા રિશેષ દરમિયાન ગેટની બહાર ખરીદી કરવા માટે નિકળી હતી ત્યાં આગળ એક બહેને આવીને સીમા ને કહ્યું ચાલ મારી સાથે તારી મમ્મી બીમાર થઈ ગઈ છે એટલે આ ચોકલેટ ખા હું તને લેવા માટે આવી છું. તારા પપ્પા કંપનીના કામથી મુંબઈ ગયા છે. સીમાએ જણાવ્યું કે મારા મમ્મી નો પાસવર્ડ તો જણાવો. પેલી સ્ત્રી કશું બોલી નહીં અને એના એ જ પગે દોડવા લાગી સીમા આ વાત પોતાની સ્કૂલમાં કરી આચાર્ય મેડમ મેં તેનું સન્માન કર્યું આ છે ફોન નો કમાલ.... મારી દીકરી એ મને આ વાત જણાવી કે સ્કૂલમાં આવી ઘટના ઘટી છે. બોલો બા ફોન ખરાબ છે?...

વાત સાંભળતા બાની આંખ માંથી આંસુ સરી પડ્યાતે બોલ્યા મને મારી ભૂલ સમજાય.. કોઈપણ વસ્તુ હોય તેની સારી બાબતને ધ્યાનમાં લેવી નેગેટીવ બાબતને ધ્યાનમાં નલેવી ફોન બાળકો માટે સારો નથી પરંતુ શિક્ષણ માટે ઘણો ઉપયોગી છે.

વાલા બાળમિત્રો જીવનમાં હંમેશા પાસવર્ડ રાખો જેથી કોઈ તમને છેતરી ન જાય.તમારુ રક્ષણ થાય.



# કુટુંબ

ફા. અરૂલ (કઠલાલ)



સંસ્કાર ,સંસ્કૃતિ ,મૂલ્યો ,સારા ગુણો, સારું વર્તન, વ્યક્તિ ઘડતર આ બધું રોપવાનું. સિંચનકરવાનું પ્રથમ સ્થાન કુટુંબનું છે. દરેક વ્યક્તિનું વર્તન અને વિચાર એ બંને બાબત એવા છે કે કેવા પ્રકારના કુટુંબમાંથી આવે છે. કુટુંબ એક ઈશ્વરની રચના છે.આજની આધૂનિક દુનિયામાં આધુનિક કલ્ચર વિચારો કુટુંબને બરબાદ કરી નાખે છે વૃદ્ધો માટે વૃધ્ધાશ્રમ ,બાળમંદિર, ટ્યુશન સેન્ટર, બાળકોને સાચવવા માટે આયા, આ બધા આધુનિક સાધનો કુટુંબના ટુકડે ટુકડા કરી નાખે છે .આજે પૈસા કમાવવા માટે બધી જાતની કોશિશ કરવામાં આવે છે કુટુંબના સભ્યો કમાવા માટે જાય છે અને સાંજે થાકી જાય ત્યારે ઘરે આરામ કરવા માટે જાણે આવે છે તનતોડ મહેનત કરે છે પૈસા કમાવવા માટે એમને તો બાળકો સાથે બેસવાનો સમય હોતો નથી રમવાનો સમય નથી વડીલો સંભાળ માટે સમય નથી આ બધું જોઈએ ત્યારે કુટુંબ એક મંદિર બને છે અને આ મંદિર નીશી હાલત થશે એવા વિચાર આવે છે.



બાળ ઉછેર વડીલોની સંભાળ એક કૌટુંબિક જીવનનો મુખ્ય ભાગ છે. કુટુંબ અલગ અલગ વ્યક્તિઓ સાથે હોવાથી બાબત નથી. પણ પતિ પત્ની બાળકો મા-બાપ વડીલો આમ ઘણા એક મન થઈ લક્ષ સાધે ત્યારે કુટુંબની રચના થાય છે. દુનિયામાં પૈસાને જ સર્વસ્વ ગણીને એક જ લાગણી સાથે માણસો કમાતા હોય છે .ત્યારે કુટુંબ નો આધાર પ્રેમ છે અને માત્ર પ્રેમ જ કુટુંબ બનાવી શકે છે. પપ્પા મમ્મી તો હરકોઈ બની શકે છે પણ સારા પપ્પા અને મમ્મી તો માત્ર અમુક જ બની શકે છે

સારા કુટુંબ નો મુખ્ય હેતુ પોતાના બાળકોનું ધાર્મિક ઘડતર. ભક્તિ. સંસ્કાર. મૂલ્યો નું સિંચન ચારિત્ર્ય ઘડતર કરવાનું છે .પણ કેટલાંક કુટુંબોમાં આ બધું જ મળે છે?કેટલાક કુટુંબોમાં ભક્તી પ્રાર્થનાની પ્રથમ સ્થાન આપવામાં આવે છે? ધર્મ સભા કહે છે કે દરેક કુટુંબ એક સ્થાનિક ધર્મ સભા છે. ભણેલા, પૈસાદાર, અધિકારીઓ, શિક્ષકો બધાને કુટુંબ બહુ વહાલું હોય છે. પણ આ બધા બાળકો સાથે કેટલો સમય આપે છે? જે બાળકોનું ઘરમાં ઘડતર ન થતું હોય જે મૂલ્યો આપવામાં આવતા ન હોય તેવા બાળકોનું ઘડતર ઘર બહાર થાય છે.

ખ્રિસ્તી કુટુંબ હંમેશા ધર્મ બાબત ની અંદર આગળ છે ધર્મને પ્રથમ સ્થાન આપો. ધર્મ પ્રમાણે અનુસારો કુટુંબ પુથ્વી ઉપરનું સ્વર્ગ બની જશે. નિયમિત પ્રાર્થના. ઉપાસના વિધિ માં ભાગ લો. બાળકને શીખવો.

**God bless you**



# 'મા'ની મમતા

રમેશ ક્રિસ્ટી (ગુતાલવાળા)




રતનપુર નામના નાનકડા ગામમાં છગન લાલ નો મધ્યમવર્ગીય પરિવાર સુખેથી દિવસો વિતાવતો હતો કાકા ખેત મજૂરી કરતા જીવીબા તેઓનું જમવાનું બનાવતાં સાથે ખેતરમાં મજૂરી પણ કરતા આમ કરકસર કરી પતિ પત્ની પૈસા બચાવતા. ચોમાસાના દિવસોમાં સાંબેલાધાર વરસાદ માં અંધારી રાત્રે ધૂળીયા માર્ગે જીવીબા પગપાળા ચાલીને ઘરે જતા ત્યારે કોઈક વાર પાણીથી ભરેલા ખાબોચિયામાંથી પગ પડતા તેઓનું શરીર માટીવાળૂ થતું છગનલાલ પણ તેઓને ઘરકામમાં મદદરૂપ બનતા.

લગ્નના બે-ત્રણ વર્ષ પછી જીવીબા ના ઘરે ઈશ્વર કૃપાથી પુત્ર રતન પ્રાપ્ત થયું. જેનાથી પતિ-પત્ની ખુબ જ ખુશ હતા બન્ને તેનું જીવની જેમ જતન કરતા. પુત્ર રોનક સાત વર્ષનો થયો હશે ને જીવીબા ના પતિ છગનલાલ સ્વર્ગે સિધાવ્યા હવે જીવીબા માટે મુશ્કેલીના દિવસો શરૂ થયા કેમ કે વિધવા તરીકેનું જીવન નિભાવવું લોખંડના ચણા ચાવવા જેવું હતું તેમાં વળી એકના એક પુત્ર ને ઉછેરી મોટો કરવો એ કઈ રમત વાત નહોતી છતાં પણ હિંમત હાર્યા વિના જીવીબા મજુરી કરે જતાં હતાં રોનક નેઉછેર કરતા હતા. રોનક ભણી ગણીને મોટો થયો .સરકારી નોકરી મળી નોકરી અર્થે શહેરમાં રહેવા લાગ્યો તેનાં મમ્મીએ સુ કન્યા પલ્લવી સાથે તેના લગ્ન કરાવ્યા બંને જણ ખુશ હતા સુખેથી રહેતા હતા

એક દિવસ જીવીબા બજારમાંથી શાકભાજી લઈને ઘરે આવી રહ્યા હતા રસ્તામાં તેઓને અકસ્માત નડ્યો લોહીલુહાણ હાલતમાં આઇ.સી.યુમાં દાખલ કરવામાં આવ્યા તાબડતોડ રોનક અને તેના પત્ની માતૃશ્રી ને મળવા રોનક અને પત્ની ચાર દિવસ સુધી દવાખાનામાં બેસી રહ્યા રોનક જીવીબાની સામુ જોઇ રહ્યો હતો. જીવીબા એ ધીમે ધીમે આંખો ઉઘાડી ને રોનક સામે જોઈને બોલ્યા "બેટા રોનક" આ સાંભળી રોનક આનંદમાં આવી ગયો. પોતાની પત્નીને બોલાવીને કહ્યુ

"ઈશ્વર કૃપાથી આપણી મમ્મી આજે ભાન માં આવી છે. મને બોલાવ્યો હવે તેને કશું જ નહીં થાય" ઉછેર માટે માતાએ જે દુઃખ સહન કર્યું હતું તેને યાદ કરી રોનક ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો તે બોલ્યો, "મા તારી મમતા અપરંપાર છે જેનો જોટો જડે એમ નથી તેથી હું તને વંદન કરું છું"





# નવા દિવસની સલામ

સંજય રોન્ઝા



બે દિવસ તે મને કેટલો બીઝી રાખ્યો કે, તારી સાથે વાત પણ ન કરી શક્યો... ખરેખર તે માનવને કેટલો બેબસ કરી દીધો છે. ખેર તું ગમે તેમ કર, તને એમ કે હું થાકી-હારીને તારી સાથેનો મારો આ સંવાદ ભૂલી જઈશ તો તું ભીંત ભૂલે છે... મારા એ બે મિત્રોનો ખુબ આભાર જેણે સામે ચાલીને મને કહ્યું કે, તમે બે દિવસથી મેસેજ કેમ મોકલતા નથી? ચાલો કોઈક તો નોંધ લે છે? હાહાહા...

ક્યારેક નાની-નાની બાબતો જિંદગીને બહુ અસર કરે છે, ખરેખર આપણી જિંદગી માં તકલીફ એટલે પડે છે કે આપણે મોટી મોટી બાબતો માં સુખ જોઈએ છે, ને નાની-નાની ખુશીને અવગણીએ છીએ. બસ આજ છે આપણી સમસ્યા.. મારુ એવું માનવું છે કે, જો નાની-નાની ખુશીને એન્જોય કરવામાં આવે તો તણાવભરી સ્થિતિમાંથી માણસ જરૂર બહાર આવી શકે. એક સર્વે અનુસાર આપણા ભારતમાં લગભગ ૭૩% લોકો ડિપ્રેસનના શિકાર છે. વિચારો કે, આવા લોકોની રોજિંદી જિંદગી કેવી વીતતી હશે... ?

આવો આપણે નાની-નાની વાતોમાં, પરિસ્થિતિઓમાંથી કૈક ખુશી મળે એવા પ્રયત્નો કરીયે... નવા દિવસ ની સલામ....





# જીવન પ્રેરક કથા

લક્ષ્મીબેન પરમાર



એક ન્યાયાધીશના બંગલા આગળ ઊભો ઊભો એક બાળક રડતો હતો.ન્યાયાધીશને ખૂબ જ આજીજી કરી રહ્યો હતો.

બાળકની આજીજી હતી જજ સાહેબ મારા દાદાનું શ્રાધ હોવાથી તેની વિધિ કરવાની છે. આ વિધિ કરવા માટે મારા પિતાજીને ફક્ત બે દિવસ માટે જામીન ઉપર છોડવામાં મંજૂરી આપો.

ન્યાયાધીશ આ નાના બાળકની નમ્ર આજીજી સાંભળી થોડાક ગંભીર થયા.તેમણે તે બાળકને પૂછ્યું તારા પિતાને શા કારણે જેલમાં ધકેલવામાં આવ્યા છે. તને ખબર છે ? બાળકે હિંમતભેર કહ્યું હા જજ સાહેબ મારા પિતાએ થોડી સરકારી જમીન ખરીદી હતી. મારા પિતા તેના હપ્તા નિયમિત રીતે ભરી ન શક્યા એટલે તેમને જેલમાં પૂરવામાં આવ્યા છે.

બાળકના પિતાનો એવું કોઈ સંગીન અપરાધ ન હતો જજ સાહેબ થોડું વિચારીને બોલ્યા બેટા તારા પિતાને જામીન ત્યારે જ આપી શકાય જ્યારે તેમની જમાનતના બદલામાં કોઈ કીમતી વસ્તુ મૂકવામાં આવે છે એવી કોઈ વસ્તુ?

બાળકે તરત જવાબ આપતાં કહ્યું અમારી પાસે એવી કોઈ કીમતી ચીજ નથી પણ હા મારા પિતા જ્યાં સુધી પાછા ન આવે ત્યાં સુધી બદલામાં હું જેલમાં રહીશ. મારા પિતા પાછા આવે પછી જ મને છોડી મુકજો ત્યાં સુધી હું જેલમાં રહીશ તેમનું બધું જ કરીશ.

આ નિર્દોષ બાળક ની ઊંચી ભાવના જજ સાહેબ ઉપર મોટી અસર છોડી ગઈ તેમણે સંજોગો પ્રમાણે માનવતાવાદી અભિગમ અપનાવી કોઈપણ પ્રકારની જમાનત લીધા વિના આ બાળકના પિતાને મુક્ત કર્યા આ બાળ કોણ હતો ખબર છે? આ બાળક 15 ભાષાઓ જાણનાર સુપ્રસિદ્ધ રંગનાથ શાસ્ત્રી હતો.





# હૃદયની ઈચ્છાઓ

નિલમ રોય

આપણું અહિત કરનારાઓ પ્રત્યે ખીજવાયા વગર જો આપણે આપણું ધ્યાન ઈશ્વર તરફ કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણા બધા બોજા દૂર કરીને આપણને દિલાસો પમાડે છે. જ્યારે આપણે આપણી તકલીફોમા ઈશ્વરની અપેક્ષા રાખીએ છીએ ત્યારે આપણામાં આપણું હૃદય પ્રફુલ્લિત થાય છે. અને જ્યારે આપણે પરમેશ્વરમાં આનંદ કરીએ છીએ ત્યારે ઈશ્વર પણ ખુશ થાય છે અને આપણા હૃદયમાં પ્રસન્નતા છવાય જાય છે. પરમેશ્વરમાં આનંદ કરવું તેનો અર્થ ઈશ્વરને સમર્પિત રહીને તેમની સાથે સંગત અને ઈશ્વરની હાજરીમાં આનંદિત રહેવું. ઈશ્વર આપણા હૃદય ની ઇચ્છાઓ પ્રમાણે આપણને આપી જ છે જે કંઈ આપણે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે માગીએ છીએ. ત્યારે આપણું માર્ગ ઈશ્વરને સોંપીએ છીએ ત્યારે તે પ્રમાણે જ થાય છે. આપણા હૃદય ની ગમે તે ઈચ્છા હોય ઈશ્વર તેમની ઈચ્છા અને યોજના પ્રમાણે તેમના સમયમાં તે આપે જ છે જ્યારે આપણે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ઈશ્વરમાં આનંદ પામીએ છીએ ત્યારે ઈશ્વર તેમની ઇચ્છા પ્રમાણે આપણને બદલો આપે છે.

આપણી પ્રત્યેક જરૂરિયાતો પૂરી પાડવાનું વચન આપ્યું છે તે સર્વ સમાન ઈશ્વર આગળ આપણે આપણા સાદા શબ્દોથી પ્રાર્થના કરીએ છીએ ત્યારે ઈશ્વર આપણી જરૂરિયાતોને પૂરી પાડે છે. અને આપણે મૂંઝવણમાં આપણને દિલાસો આપે છે. ઇશ્વરની ઇચ્છા મુજબ વિશ્વાસથી પ્રાર્થના કરતાં રહીએ છીએ ત્યારે ખાતરી રાખીએ કે ઈશ્વર આપણી પ્રાર્થના વિનંતીઓ સાંભળે છે. આપણે આપણી જાતને ઉત્સાહ અને ખંતથી જેમ સોનાની ખોવાયેલી વસ્તુ શોધવા જઈએ છીએ તેમ ઈશ્વરના વચ્ચેનો ના છુપાયેલા ખજાનામાંથી



વચનો ની શોધ કરવી જોઈએ જે આપણને આકાશમાં આપણા પિતા સાથે સંબંધ આપવામાં મદદ કરે છે. એ વચનો ના આશરે પ્રાર્થના કરતાં આપણે ધીરજથી ઈશ્વર પાસે આપણી વિનંતીઓ લાવીએ જ્યારે આપણા સંજોગો વિપરીત હોય ત્યારે આપણે પુરા ભરોસાથી ઈશ્વર પર વિશ્વાસ રાખતા આપણી પ્રાર્થનાઓ સતત ચાલુ રાખીએ સતત કરેલી પ્રાર્થનાઓ ધીરજ ઉત્પન્ન કરે છે. માટે ઈસુના નામમાં આપણી પ્રાર્થના વિનંતીઓ ગુજારીએ. માંગો અને પામો



# સુખ મોટું છે કે આનંદ?

ફ્રાન્સિસ દાયસા



એકવાર સાપ અને ઉંદર વચ્ચે મોટા પણા ની લડાઈ જામી હતી .જીભ અને દાંત પણ આવી જ વાતે ઝઘડયા હતા .જગજાહેર એવા આ ઝઘડાઓ માં એક સ્થાન સુખ અને આનંદ નું પણ છે.

સુખ અને આનંદની વ્યાખ્યા માથે માથે જુદી જુદી રહેવાની. મિત્રો ટોળે વળ્યા હોય એમાનો એકબીજાની ટીખણ કરતો હોય તેમાં તેને મજા આવતી હોય તો પણબીજા માટે તે સજા બનતી હોય છે ટીખણ કરનાર આનંદ માણે પોતાની સુખી સમજે ને ટીખણનો ભોગ બનનાર પોતાને દુઃખી ગણે એ જ સ્થિતિ એક માટે આનંદની છે તો બીજા માટે વિષાદની.

જૂની કહેવત છે કે દેડકા ભાઈનો જીવ જાય છે ને કાગડાભાઈને મજા પડે આ સંજોગોમાં શું થઈ શકે? મારા મતે તો સ્થિતિનો સ્વીકાર એ જ ઉત્તમ રસ્તો છે. જગતમાં બધા ઇચ્છા તો એવી જ રાખે છે કે આપણને ગમતું મળી જાય પણ એવું હંમેશાં કે બધા સાથે બનતું નથી ગમતું મળે તો સૌ કોઈ સ્વીકારે પણ ખરી મજા તો જે મળ્યું છે તેને ગમતું કરવામાં છે ભાવતા પકવાનો ના ભાણે બેઠેલો સુખથી ઊંઘતો ન હોય જ્યારે સૂકો રોટલો ખાનાર નીરાતે ઉઘતો જોવા મળે છે.આ બાબતે છે કે ગમતું મળી જાય તો સુખી થઈ જવાય તેવું નથી.

ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ

ને ગમતાંનો કરીએ ગુલાલ રે.....એમ કવિશ્રી મકરન્દ દવે ગાયું છે આનો અર્થ એ થાય કે પામવામાં નહીંપણ આપવામાં સુખ કે આનંદ રહેલો છે

આવા ગણિત ની સમજ છતાં જીવનમાં સુખ અને આનંદ નો ઝઘડો તો રહેવાનો જ જ્યારે જ્યારે આ વિષે પ્રશ્ન સર્જાય ત્યારે શાંત અને ઉપરનું દાખલો ગણી લેવામાં જ સાચો જવાબ સાચાસુખી જવાબ નો આનંદ મળશે.





# પ્રાર્થના

ડૉ. કે.પી. રાજભારતી

દરરોજ ઈશ્વરની પ્રાર્થના કરવાથી અંતઃકરણ પવિત્ર બને છે. સ્વભાવમાં પરિવર્તન આવે છે. હતાશા અને નિરાશા નીકળી જાય છે. મનને શાંતિ અને તાજગી મળે છે. દિલ મા ઉમંગ પ્રગટે છે અને જીવન જીવવાની પ્રેરણા મળે છે....

સત્ય, ક્ષમા, સંતોષ, જ્ઞાન, ધીરજ, શુદ્ધ મન અને મધુર વચન એ પ્રાર્થનાની પ્રાર્થના છે....

## હું

*વિસરી ગયો છું......*

*સદંતર વિસરાઇ ગયો છું.*

*હે મને માર્ગની જાણ નથી*

*હા રાહી તો છું જ....*

*પણ આમ કેમ?*

*ભીતરથી ભટકું છું.... કેમ?*

*જાણવા છતાં અનજાન. છું.*





# પરમસુખી

સુરેન્દ્ર આસ્થાવાદી



જેઓ નમ્ર અને સલાસ છે તેઓ પરમસુખી છે કારણ કે તેઓ સ્વર્ગના રાજ્યના રાજા જેવા છે.

૨. જેઓ હાલમાં રુદન કરે છે તેઓ પરમ સુખી છે કારણ કે તેઓનું રડવાનું શમી જશે ઉદાસીનતા ટળી જશે અને તેઓ ભરપૂર તથા શાશ્વત પાસે.

૩. જેવું સ્વભાવે દિન અનેવિનમ્ર છે તેઓએ દુખી થવાની જરૂર નથી તેઓને મજાના ઉપવન જેવાં નિવાસસ્થાન અને પરમ શાંતિ મળશે.

૪. જેવું સાચા ન્યાયની ઝંખના કરે છે અને બીજાઓને પણ અન્યાય થાય નહીં તે માટે જેવો નિર્ભયતાથી પુરાવા આપવા તત્પર રહે છે તેઓને પણ સાચો ન્યાય મળશે આમ તેઓ ન્યાયી ઠરશે તેવો પરમ સુખી છે .

૫. અનાથ વિધવા ગરીબ અને દલિતો પ્રત્યે અનુકંપા રાખવી અને મુશ્કેલીમાં તેઓનો હાથ પકડવો તે પુણ્ય નું કામ છે જેસેવાનું કામ કરે છે આવા ભલાઈના કામ કરે છેતેઓને પ્રભુ બદલો આપશે અછત પડવાદેશે નહીં

૬. જેવો મનના ચોખ્ખા છે અને બોલાવે ચલાવે સીધા છે તેઓની સાથે કોઈ વેર રાખશે નહીં તેઓ અજાતશત્રુ છે તેઓ સુખ-શાંતિમાં રહેશે તેઓને ઈશ્વરના દર્શન થશે

૭. જેઓની વચ્ચે અબોલા છે જેઓના પરસ્પરના સંબંધો તૂટી ગયા છે તેઓનો મેળા કરાવનારાઓ અને સમાધાન માટે મધ્યસ્થી બનાવનારાઓ કરપાત્ર છે આવા સલાહકારોને ઈશ્વરના આશીર્વાદ મળશે તેઓ પરમ સુખી છે.





# આંતરિક સુખ

જોન ફિલિપ મેકવાન



માનવીય સ્વભાવ હંમેશા પોતાના જીવનમાં ખુશી, આનંદ અને હર્ષોલ્લાશ રૂપી સુખ માટે ઝંખે છે. અને તેને મેળવવાં માટે તે ગમે તે હદે જાય છે. ખાસ તો આ પ્રકાર ના સુખ ની અનુભૂતિ અને આનંદ પ્રાપ્ત કરવા માટે તે બાહરી દુનિયા માં શોધ આદરે છે. અને છેવટે તે સફળ પણ થાય છે. તેમ છતાં તેને સંતુષ્ટિ નથી મળતી, બાહ્ય સુખ ની તેની આકાંક્ષાઓ દિનપ્રતિદિન વધતીજ જાય છે જેની કોઈ સીમા અંકિત હોતી નથી. અને સુખ પ્રાપ્તિ ની તેની ઘેલછા સારા નરસા નું ભાન ભુલાવી દે છે, પરિણામે આ પ્રકાર ના બાહ્ય સુખ અને આનંદ માંથી બહાર નીકળવું તેના માટે મુશ્કેલ બનતું જાય છે.

આજના ભૌતિકવાદ અને જડવાડ ના યુગ માં યુવાનોને ભરમાવીને તેમના મન મસ્તિષ્ક માં ઠસાવવામાં આવે છે કે બાહ્ય સંસાધનોના ઉપયોગ થી તેમને અનંતકાળ નું સુખ અને પરમાનંદ પ્રાપ્ત થશે, સંસાધનો જેવાકે ટીવી, મોબાઇલ, કમ્પ્યુટર, ઈન્ટરનેટ, ફેસબુક, વોટ્સઅપ વગેરે વગેરે... પરંતુ સત્ય હકીકત એ છે કે આ પ્રકાર ના બાહ્ય સુખ અને તેનાથી પણ ચડિયાતો પરમ આનંદ તો આપણા ભીતર માંજ સમાયેલો છે, તેને બહાર શોધવાની જરૂર નથી. અને આજ સમઝદારી ને ધ્યાન માં રાખીને આપણે આપણી અંદર ના સુખ અને આનંદ ના સ્ત્રોતો ને શોધવાની જરૂર છે જે અજોડ અને અકલ્પનિય છે.

પરમ સુખ માટે ની આપણી આંતરિક ખોજ ની ગહનતા ને પ્રગટ કરવાની પ્રથમ અને મુખ્ય બાબત છે પ્રેમ. એક ખ્રિસ્તી વિદ્વાન સેન્ટ. ફ્રાન્સિસ ડે સેલેસ નું માનવું છે કે "every thing by love, nothing by force " અર્થાત દરેક વસ્તુ પ્રેમ થી થવી જોઈએ, બળજબરી થી નહિ." જીવન નો સાચો આનંદ અને સુખ આપણી ભીતર માં સમાયેલા છે એવી સમઝદારી અને ધારણા સાથેની શોધ ની યાત્રા માં પ્રેમ અને લાગણી એની મેળેજ આપણી અંદર થી પ્રગટ થાય છે જે પ્રાથમિક જરૂરિયાત છે. દરેક માણસ ની મૂળભૂત જરૂરિયાત છે રોટી, કપડાં, અને મકાન, પરંતુ સાંપ્રત સમય માં આપણે અસભાનતાથી એવી વ્યક્તિ માટે અપેક્ષા રાખીએ છીએ કે જે ઘણાજ પ્રેમ થી અને કાળજીપૂર્વક આપણી દેખભાળ રાખે, લાગણી અને સ્નેહ દર્શાવે અને આપણને સતત સુખચેન નું ભાથું પીરસે. પરંતુ આપણી કમનસીબી એ છે કે આવી વ્યક્તિઓને આપણે ફેસબુક, વોટ્સઅપ, અને શોશ્યલ મીડિયા ની નકારાત્મક અને અશ્લીલ બાબતોમાં શોધીએ છીએ જે નુકસાનકારક અને અસ્વીકાર્ય છે.

આજની આ ઘોંઘાટભરી ગતિશીલ દુનિયામાં આપણે આપણી જાતને ખોઈ બેઠા છીએ, પરિણામે આપણે આંતરિક સુખ ની અનુભૂતિ કરી શકતા નથી. પરંતુ જો બાહ્ય સુખ જે ક્ષણિક અને બનાવટી છે તેનો

ત્યાગ કરીને આપણી અંદર ના સુખને જાણવું હોય, અનુભવ કરવો હોય તો પ્રથમ મહત્વની શરત એ છે કે આપણે આપણી જાત પર પ્રેમ કરવો જોઈએ કે જેથી પ્રેમ નામની મૂલ્યવાન અભિવ્યક્તિ આપણાથી દૂર ના જાય પણ આપણી સાથે જળવાઈ રહે. બીજું કે આપણા જીવન માં પ્રેમની ગહનતા, ગંભીરતા, અને તેના ઊંડાણ ને સમઝવાની ચાવીરૂપ બાબત એ છે કે આપસ માં એકબીજાને પ્રેમ કરો જે રીતે આપણે આપણી જાત ને ચાહીએ છીએ (જે વાત બાયબલ માં પ્રભુ ઈશુ એ કહ્યું છે. આપણે બીજાને આપીશું તોજ તેનું વળતર પ્રેમરૂપે આપણને પાછુ મળશે જે અપેક્ષિત હતું..

તો ચાલો આપણે સૌ એકબીજાને નુકસાન ના થાય એ રીતે પ્રેમને તેની પરાકાષ્ટા સુધી પહોચાડીએ અને તેનો આનંદ માણીએ. કારણકે, પ્રેમ, સ્નેહ, અને લાગણી ક્યારેય નુકસાનકારક નથી હોતા ઉલ્ટાનું તે તૂટેલા ભગ્ન હૃદયોને જોડવાનુ કાર્ય કરે છે, વળી તે આપણા હૃદયના ઊંડાણ માંથી ઉદભવે છે, જેનું સુખ ભૌતિક અને બાહ્ય સુખ થી ચડિયાતું હોય છે માટે પ્રેમ માં જીવો અને ખુશી આનંદ માં રહો અને આ અનુભૂતિમાં પરમાત્મા આપણી સાથેજ હોય છે.





# અનુભવનું ભાથું

જોસેફ મેકવાન



અવિવાહિત યુવતીઓ જેઓ પોતાની કેરિયર બનાવવા સ્ટ્રગલ કરતી હોય અને લગ્ન જીવની શરુઆત કરનાર સ્ત્રીઓ હમેશાં કોઇક એવા વ્યક્તિની શોધમાં હોય છે જેના પર એ વિશ્વાસ મૂકી શકે અને એની સાથે એમની અમૂક મૂંઝવણોની રજૂઆત કરી એનો યોગ્ય ઉકેલ મેળવી શકે! ઉપરાંત એમના આનંદ કે દુ:ખમાં સહભાગી થઈ એમના આનંદ ને બેવડાવી શકે અને દુ:ખને ઘટાડી શકે!

મને અનહદ આનંદ છે કે અમૂક વ્યક્તિઓએ મારી સોસીયલ મીડીયા પર ની પ્રવૃતિ પર થી મને આવા કામ માટે લાયક ગણી જરૂર મુજબ મારો સંપર્ક કરેલો છે અને કરે છે. એક સ્ત્રીએ મને ફરીયાદ ના શૂરમા કહ્યું કે હમણાં હું મારા પતિ પર એક કારણ થી ગુસ્સો થયી તો એમણે પણ મને ગુસ્સો કરી કહ્યું કે પિયર ચાલી જા. મેં એમની સાથે ના બોલવાનું નક્કી કર્યું પણ બીજા દિવસે મેં જ બોલવાનું શરૂ કર્યું. મેં કહ્યું લગ્ન જીવનમાં આવું બધું સામાન્ય છે અને જરૂરી પણ છે. કોઈ પણ વ્યક્તિ ગુસ્સામાં કશું બોલે એનો અર્થ એટલો જ કે એ ગુસ્સો બહાર કાઢે છે.એને બહુ સીરીયસ લેવું નહીં અને આપણને પણ ગુસ્સો આવે તો એને ગભરાયા વગર વ્યક્ત કરી દેવાનો. મારી વાત કરું તો મારી અને પત્ની બંન્ને પાસે બધી જ સગવડો વાળાં બે ઘર છે અને આવા જ નાના નાના ઝગડામાં અત્યાર સુધી માં અમે લગભગ ૧૦૦ વાર નક્કી કર્યું છે કે કાલથી અલગ અલગ રહીને બાકી નું જીવન ગાળવું!

પણ આજ સુધી અમે એક પણ દિવસ અલગ નથી રહ્યાં. એટલે થોડો ઘણો મન મોટાવ ની પર ખાસ ધ્યાન આપવું નહીં! ઢળતી ઉંમરે અનુભવનું ભાથું.





# મારો પત્ર

રસિક પરમાર



પાવન હૃદય દૂત ના તંત્રી શ્રી સાયમન સર મારા મિત્ર છે જ્યારે હું તેમના લેખની પ્રશંસા કરતો ત્યારે તેઓ જણાવતા કે પ્રશંસાના હકદાર મારા વાચક મિત્રો છે એ જ વાક્ય આજે ઘણા સમય પછી મારા નવા મિત્ર શ્રી શૈલેષ સાહેબના મુખે સાંભળવા મળ્યું.

ફેબ્રુઆરી માસનું અંક વાંચ્યો.

ખૂબ જ ગમ્યો મારો લેખ છાપવા બદલ તમારો આભાર માનું છું.

સાથે વેલેન્ટાઇન ડે ખૂબ જ સુંદર હતો અભિનંદન.

ઝરણામાં લખવામાં આવેલા લેખ પ્રશસંનીય હતા. સાથે કાવ્ય વિભાગ પણ ખુબ જ સરસ અભિનંદન. સારી કામગીરી માટે સમગ્ર ઈ મેગેઝિન ઝરણું પરિવારને અભિનંદન.

पोस्ट कार्ड POST CARD







પ્રતિ શ્રી,

લેખક ગણ

'ઝરણું' E-MAGAZINE પરિવાર

पिन PIN

(इस लाइन के नीचे न तो लिखें और न ही मुद्रित करें Do not write or print below this line)

# કાવ્ય વિભાગ



શૈલેષ વાણીયા 'શૈલ'

## ગઝલ

મનથી હંમેશા નજીક રહીએ
મારી સાથે ખાસ રહીએ....

સમય સમયની છે બલિહારી
માન બાબતોમાં લાસ્ટ રહીએ..

રાખ્યો હતો તારા ઉપર ભરોસો
એટલે જ સમજણ કચાસ રહીએ..

સતત વહેતું ઝરણું મળ્યું
નહિતર કાયમ પ્યાસ રહીએ...

ઉભી છે યાદ દશાબ્દી ની
'ગીત' ઉગતી ઉષાની છાંય રહીએ.



કલ્પેશ સોલંકી 'કલ્પ'

## ગઝલ

કેટલું ઉચું હવે એ સ્થાન રાખે છે
સાંભળી મારી ગઝલ, એ માન રાખે છે

ભીંતને પણ જીવ હોવા જોઈએ બોલો,
આપણા જેવા જ એ તો કાન રાખે છે

આવતા મોડુ જો કદી થાય તો પૂછે,
મા હજુયે કેટલુ જો ધ્યાન રાખે છે

રાત આખી એકલો બેસી રહે ઘરમાં,
કલ્પ' ઘર આગળ ભલે મેદાન રાખે છે

ગામ છોડી એ ભલે શહેરમાં આવ્યો,
ગામમાં આજેય નાનુ મકાન રાખે છે

ને જયારે પણ તમે માંગો મળી જશે,
બાપ, ખિસ્સામાં જ દુકાન રાખે છે



નગીન શાહ (એડવોકેટ)

## એક સવાલ જગતને

હોય તો બતાવો ઉપાય
કેમ માણસ ભ્રષ્ટ થતો જાય છે
જન્મી કેવો રૂપાળો સોહાય
પછી કેમ કદરૂપો થતો જાય છે
કેવો બાળ ભોળો નિર્દોષ દેખાય
પછી દોષસ્વભાવમાં કેમ ગભરાય
ભલે સંસ્કાર સિંચનથી ઘડતર થાય
પણ ભાવ અભાવમાં ક્યાં દેખાય છે
લાલસા સુખની જાગે જગતમાં
પછી ધર્મ ના ભાન કેવા ભૂલાય છે
હોય ડર જગતનો કે કુદરતનો
તો માનવ માટી હેવન કેમ થાય છે?



હિતેશ સુતરીયા

## પાનખર નથી...

મુજને મારી જ ખબર નથી.
તુજ હૈયા જેવું બીજું ઘર નથી.

તારી નિર્દોષ આંખના સપનાં,
એ ખરીદ્ એવો સોદાગર નથી.

તારી છબી જડી દઉં હું ફ્રેમમાં,
મારાં આ પ્રણયને આકાર નથી.

સપનાં હું રોજ નિહાળું તારા,
એ આજે પણ બસ ભંગાર નથી.

ડાળીઓ તો લીલી છે વસંત વિના..
રંજ છે 'હરિશ', પાનખર નથી.